સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મિશ્ર ઋતુના માહોલમાં ઉનાળાને સંલગ્ન ધંધા સળવળ્યા

શેરડી રસનાં કોલાં, લસ્સી સેન્ટરો શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી ઉભા થયેલા મિશ્ર ઋતુના માહોલમાં ઉનાળાને સંલગ્ન ધંધાઓમાં સડવળાટ શરૂ થયો છે. જિલ્લામાં શેરડી રસનાં કોલાં તથા લસ્સી સેન્ટરોના શ્રીગણેશ થઈ ચૂક્યા છે. મહારાષ્ટ્ર-ઉત્તરપ્રદેશથી આવેલા ભૈયાઓએ જ્યાં અનુકુળ જગ્યા મળી ત્યાં શેરડી રસના ચીંચૂડા ઉભા કરી દીધા છે અને તરબૂચ સેન્ટરો પણ ખુલવા લાગ્યાં છે.

પ્રત્યેક ઋતુની સીઝન દરમ્યાન સીઝનેબલ ધંધાઓમાં વેપાર કરનારો અલાયદો મોટો વેપારી વર્ગ રહેલો છે. જેમ ઋતુ બદલાય તેમ ધંધા બદલી વેપારનું ગાડું ચલાવાતું હોય છે. જિલ્લામાં ઉનાળો નજીક આવતાં સંલગ્ન ધંધાઓ શરૂ થાય તે અગાઉ એક જ ઋતુમાં ૩-૩ ઋતુનો માહોલ જોવા મળી રહ્યા પછી હજુ પણ મિશ્ર ઋતુ અનુભવાઈ રહી છે ત્યાં ઉનાળાને સંલગ્ન ધંધાના શ્રીગણેશ થઈ ચૂક્યા હોય તેમ બંન્ને જિલ્લાઓમાં શેરડી રસનાં કોલાં તથા લસ્સી સેન્ટરો શરૂ થવા લાગ્યાં છે. દર વર્ષની જેમ યુપી-મહારાષ્ટ્રથી આવેલા ચોક્કસ લોકોએ જ્યાં અનુકુળ જગ્યા મળી તે સ્થળે તંબુ બાંધી શેરડી રસનાં કોલાં શરૂ કરી દીધાં છે અને આઈસ્ક્રીમ સેન્ટરો સહિત લસ્સી સેન્ટરો પણ એક પછી એક શરૂ થવા લાગ્યાં છે.

જિલ્લામાં મિશ્ર ઋતુના માહોલમાં ભલે ગરમી અનુભવાતી ન હોય પરંતુ ઠંડક આપે તેવા ધંધા શરૂ થઈ ચૂક્યા છે. જિલ્લામાં ઉનાળો આંગણે આવીને ઉભો છે તેમ છતાં તેનાં કોઈ લક્ષણો જણાતાં નથી અને વિપરીત હવામાનથી કઈ ઋતુ ચાલે છે તે કહેવું મુશ્કેલ બની રહ્યું છે છતાં વેપારીઓના ચોક્કસ વર્ગે ઉનાળાને સંલગ્ન ધંધા શરૂ કરી દીધા છે. જિલ્લામાં ઉનાળુ ફળોનું આગમન એક મહિના અગાઉથી શરૂ થઈ જતાં આગામી ગરમીના દિવસોમાં ઉનાળાને સંલગ્ન ધંધા ધમધમતા થઈ જશે તેવું શરૂઆત ઉપરથી જણાઈ રહ્યું છે.

...ફરી ગરમ વસ્ત્રો પહેરવાની તૈયારી રાખજો

જિલ્લામાં આગામી ૩ દિવસ પછી ઠંડીના નવા રાઉન્ડની સંભાવના : જમ્મુ કાશ્મિરમાં ભારે હિમવર્ષાના અહેવાલ

જિલ્લામાં દિવસે લમણા શેકતી ગરમીની શરૂઆત થઈ છે. માર્ચ મહિનામાં તાપમાનનો પારો પ્રારંભિક પખવાડિયામાં ૪૫ ડિગ્રીને આંબે તેવી સંભાવના છે. ત્યારે જમ્મુ કાશ્મિરમાં ભારે હિમવર્ષા પછી જિલ્લામાં આગામી ૩ દિવસ પછી ઠંડીના નવા રાઉન્ડની શરૂઆત થઈ શકે છે. ઠંડીની વિદાય અને ઉનાળાની શરૂઆતના કારણે પ્રજાએ ગરમવસ્ત્રો કબાટમાં મૂક્યા છે તે હવે ફરીથી બહાર કાઢવા પડશે. આગામી દિવસોમાં શિયાળા જેવી ઠંડી ફરીથી અનુભવાઈ શકે છે.

સમગ્ર દેશમાં વારંવાર હવામાન પલટાવથી ખેતી બરબાદ થઈ જાય તેવી દહેશત ઉભી થઈ છે. સતત ખેતી ક્ષેત્રે પ્રતિકૂળ હવામાનના કારણે ખેડુતો હવે નાસીપાસ થઈ રહ્યા છે. સતત ખેતીનો ધંધો ખોટનો ધંધો બની જતાં ખેડુતો પોતાના નસીબ ઉપર રડતા જોવા મળી રહ્યા છે. હમણાં હમણાંથી મહિનામાં એકાદ બે દિવસ સવારે શિયાળો , બપોરે ઉનાળો અને સાંજે ચોમાસા જેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે. જિલ્લામાં તળાવ, જળાશયોમાંથી પાણી અદૃશ્ય થઈ રહ્યા છે. તંત્ર ખાલીખમ તળાવો અને જળાશયોમાં પાણી ઠલવવાની યોજના ક્યારે સાકાર કરશે ? તે કહેવું મુશ્કેલ છે. પરંતુ હવે કુદરત પણ દિવસે-દિવસે કાળા માથાના માનવીથી રૂઠતી હોય તેવી સ્થિતિ છે. જિલ્લામાં પરોઢે ઠંડી અનુભવાય છે તે જોતાં શિયાળાએ વિદાય લીધી છે અને આકરો ઉનાળો થનગનતો આવી રહ્યોછે. પરંતુ છેલ્લ બે દિવસથી જમ્મુ કાશ્મિરમાં ભારે હિમવર્ષા પછી ગુજરાતમાં શિયાળો શરૂ થવાનો હોય તે રીતે ફરીથી ઠંડીનો નવો રાઉન્ડ શરૂ થશે. તે જોતાં માર્ચના પ્રથમ સપ્તાહ સુધી શિયાળો હોય તેવું વાતાવરણ ઉભું થઈ શકે છે.

સાબરકાંઠા ખેતી વિભાગના ક્વોલિટી કંટ્રોલ વિભાગમાં ચાલતાં અનહદ ભ્રષ્ટ્રાચારની તપાસ જરૂરી

વડાલી નજીકની સીડ્સ પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી ૯૦૦૦ કિલો છૂટું બિયારણ મળ્યા પછી ઢાંકપીછોડના પ્રયાસ : બોગસ બિયારણના વેપલાથી જિલ્લો બદનામ, ભ્રષ્ટ અધિકારીઓની બેનામી સંપતિની તપાસ જરૂરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪ સાબરકાંઠામાં ખેતી વિભાગના ક્વોલિટી કંટ્રોલમાં વર્ષોથી ચાલતાં અનહદ ભ્રષ્ટ્રાચારની તપાસ થાય તો રાજ્યના ઉચ્ચ અધિકારીઓ સુધી રેલો આવી શકે છે. ચાર દિવસ અગાઉ વડાલી નજીકના સીડ્સ પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી હજારો કિલો છૂટું કપાસનું બિયારણ મળ્યા પછી રાતોરાત સબસલામતનો ખેલ પુરો કરવામાં આવ્યો પરંતુ આ તો માત્ર ટ્રેઈલર છે પરંતુ બોગસ બિયારણના વેપલાથી જિલ્લો આવનારા દિવસોમાં બદનામ થઈ શકે છે. રાજ્ય સરકારે બીટી કપાસના ૪-જી બિયારણના ઉત્પાદન ઉપર પ્રતિબંધ મૂક્યો છે. પરંતુ ભ્રષ્ટ અધિકારીઓની મીલીભગત હેઠળ પ્રતિબંધિત બિયારણના ઉત્પાદન અને તેના વેપલાની રાજ્ય સરકાર અને ખેતી વિભાગે તપાસ કરાવી જોઈએ જ્યારે ક્વોલિટી કંટ્રોલ વિભાગના અધિકારીઓની બેનામી સંપતિની તપાસ થાય તો અનેક ચોંકાવનારા ખુલાસ થઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગત શનિવારે રાજ્યના ક્વોલિટી કંટ્રોલ વિભાગ ખેતીના અધિકારીઓને જાણે કે સ્વપ્ન આવ્યું હોય તે રીતે ઈડર અને વડાલીની ૩ સીડ્સ પ્રોસેસિંગ પ્લાન્ટમાં તપાસ કરી જેમાં ઉમા સીડ્સ પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી છૂટક બિયારણનનો કેટલોક જથ્થો મળ્યો અને અન્ય એક ગોડાઉન શંકાસ્પદ રીતે બંધ હોવાથી તે ખોલવા માલિકોને જણાવતાં પોતાની પાસે ચાવી ન હોવાનું જણવ્યું અને તપાસ માટે આવેલા રાજ્ય તેમજ જિલ્લાના અધિકારીઓએ ગોડાઉન સીલ કરી અન્ય મળેલા છૂટક બિયારણના સેમ્પલ લઈ રવાના થઈ ગયા અને પછી જે ખેલ શરૂ થયા તે અત્યંત ચોંકાવનારા હોવાની લોકચર્ચા છે. તાબડતોબ દોડધામ શરૂ થઈ અને એકાએક ગોડાઉનની ચાવી મળી આવી હોય તે રીતે ઉમા સીડ્સ પ્રોસેસિંગના માલિકોએ અન્ય સીડ્સ કંપનીનું કામ રાખ્યાનું લેખિત નિવેદન આપી તંત્રને ગોડાઉન ખોલવાની તાકીદ કરી કહ્યાગરા અધિકારીઓએ પળનો પણ વિલંબ કર્યા વગર સોમવારે કચેરીઓમાં આવતાં મુલાકાતીઓને મળવાનું હોય તેના બદલે વડાલીના પ્રોસેસિંગ પ્લાન્ટમાં આવી પહોંચ્યા અને ત્યાં ૩-૪ કલાકની એવી ગડમથલ શું ચાલી કે સીલ ખોલવામાં લાંબો સમય ખેંચી કાઢ્યો. વાસ્તવમાં આ ઘટના જ અનેક શંકાઓ પેદા કરી છે. રાજ્ય અને જિલ્લામાં બોગસ બિયારણ અને ખાતરનો વેપલો જગજાહેર છે અને તપાસના નામે પૈસા ખંખેરવામાં આવી રહ્યા છે. ભૂતકાળમાં જિલ્લામાંથી બોગસ બીટી કપાસ, ખાતર, રાસાયણિક દવાઓ મળ્યા પછી માત્ર નોટીસો અને સેમ્પલ લઈને તંત્રએ સંતોષ માન્યો અને ભ્રષ્ટ અધિકારીઓએ કેવી રીતે બચવું તેના નિવેદનો લખાવ્યાની પણ જેતે સમયે ગરમા-ગરમ લોકચર્ચા સામે આવી હતી. આ સંજોગોમાં વડાલીના સીડ્સ પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી છૂટક બિયારણનો જથ્થો મળ્યા પછી જવાબદારોએ છેલ્લા ૪૮ કલાક દરમ્યાન કોને કોને મોબાઈલ કર્યા? તે તમામ વિગતો ની કોલ ડિટેઈલ મેળવવામાં આવે તો અનેક ભ્રષ્ટ અધિકારીઓની મેલી મુરાદ બહાર આવી શકે તેમ છે.

કૃષિમંત્રી અને મુખ્યમંત્રી સમગ્ર પ્રકરણની ન્યાયિક તપાસ કરાવે

વડાલીના એક પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી હજારો કિલો કપાસનું છૂટું બિયારણ મળ્યા પછી સેમ્પલ લઈ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યું છે. જ્યારે છૂટક બિયારણનો જથ્થો ગાંધીનગર સ્થિત સીડ્સ કંપનીનો હોવાનું લેખિત નિવેદન લેવાયું છે. છૂટક જથ્થાને બિયારણ ગણાતું નથી. પેકિંગ થયા પછી જ તેને બિયારણ ગણવામાં આવે છે. ત્યારે સોમવારે વિભાગના કહ્યાગરા અધિકારીઓએ તાબડતોબ સીઝ કરેલું ગોડાઉન ખોલી ૯૦૦૦ કિલોગ્રામ છૂટક બિયારણ હોવાનું નોંધ્યું પરંતુ તે પૂર્વે દેખાયેલી ગડમથલએ અનેક સવાલ ઉભા કર્યા છે. ગોડાઉન ખોલવામાં આવ્યું ત્યારે વિડીયો ગ્રાફી કરવામાં આવી હતી કે કેમ તેની પણ તપાસ થવી જોઈએ. પ્રતિબંધિત ૪-જી બિયારણના વેપલા ઉપર ઢાંકપીછોડનો પ્રયાસ તો નથી થયો ને તેની કૃષિમંત્રી અને મુખ્યમંત્રીએ ખેડૂતોના હિતમાં અને રાજ્યની ખેતીના હિતમાં ન્યાયિક તપાસ થવી જોઈએ.

નવરચના પછી પણ કરમ કઠીનાઈ

અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં રજૂ થતા પ્રશ્નોનો નિવેડો આવતો નથી

દબાણો દૂર કરવામાં તંત્ર નિરસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪ અરવલ્લી જિલ્લાની રચના થયા પછી પ્રજાના પડતર પ્રશ્નોનો ઝડપથી ઉકેલ આવશે તેમ માનવામાં આવતું હતું જિલ્લા વિભાજન પછી પણ કરમ કઠીનાઈ યથાવત રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં દબાણોનો રાફડો ફાટ્યા પછી જાહેર માર્ગો પરના દબાણો દૂર કરવાના પ્રશ્નો સમયાંતરે ગ્રામસભાઓમાં ચર્ચાય છે પરંતુ દબાણો દુર કરવામાં તંત્રને જરાય રસ ન હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

નવરચિત અરવલ્લી જિલ્લામાં સરકારના તમામ વિભાગો અને કચેરીઓ શરૂ થઈ ગઈ છે. વહીવટમાં ગતિશીલતાની સાથે પ્રજાકીય પ્રશ્નોનો ઉકેલ ઝડપથી આવી જશે તેવું પ્રજા માનતી હતી પરંતુ સરકારી વિભાગોની કામગીરી ધકેલપંચાં દોઢસોની જેમ યથાવત રહી છે. સમયાંતરે યોજાતી ગ્રામસભાઓમાં એકનાએક પ્રશ્નો વારંવાર રજૂ થતા હોવા છતાં કોઈ ઉકેલ આજદિન સુધી આવ્યો ન હોવાનો આક્રોશ પ્રજામાં જોવા મળી રહ્યો છે. જિલ્લામાં જાહેર માર્ગો ઉપર દબાણો જોવા મળી રહ્યા છે. અરજદારોએ તાલુકાથી માંડી ઉચ્ચ કક્ષા સુધી લેખિત રજૂઆતો તથા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમોમાં રજૂઆત કરી હોવા છતાં તંત્રને દબાણો દુર કરવાની ફૂરસદ નથી. છેલ્લા કેટલાય સમયથી માત્ર ને માત્ર દબાણોના કારણે ગ્રામસભાઓમાં પ્રજા પોતાનો આક્રોશ ઠાલવતી આવી છે પરંતુ અરજદારોની અરજીઓને એક ટેબલથી બીજા ટેબલ સુધી ધકેલવામાં આવી રહી છે. જિલ્લામાં શહેરી વિસ્તાર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં જાહેર માર્ગો-ફળીયાઓમાં દબાણોના કારણે પ્રજાનું અંદરો અંદર વેરઝેર સતત વધી રહ્યું છે અને દબાણો દૂર કરવાની સત્તા જે તે પંચાયતોને આપી દીધી હોવા છતાં સત્તાધીશો મતોના રાજકારણમાં દબાણકારોને છાવરતા હોવાથી અસંખ્ય અરજદારો જાહેર માર્ગો પરના દબાણો ક્યારે દૂર થાય તેની રાહ જોઈ રહ્યા છે ત્યારે જિલ્લા કલેક્ટર પ્રજાના પાયાના પ્રશ્નોને પ્રાથમિકતા આપી ખાસ કરીને દબાણો દુર કરવા માટે તંત્રને આદેશ કરે તે જરૂરી બની રહ્યું છે.

...સી. એન. જી.માં મોંઘવારી વધવાની દહેશત

ગેસની અછત, જિલ્લામાં સી.એન.જી.-પી.એન.જી.-રાંધણ ગેસ મોંઘા થશે : સમગ્ર વિશ્વમાં ગેસની અછત એપ્રિલમાં દઝાડશે

મોંઘવારીમાંથી મુક્તિ મળવાના દૂર દૂર સુધી કોઈ અણસાર નથી. વિશ્વમાં ગેસની અછત ઉભી થઈ છે તે જોતાં ગુજરાત સહિત જિલ્લામાં આગામી એપ્રિલ મહિનામાં સી.એન.જી., પી.એન.જી. સહિત રાંધણગેસના ભાવમાં વધારો થવાની પૂરી સંભાવના છે જેથી સી.એન.જી.થી દોડતા ખાનગી વાહનોમાં ભાડાંનો પણ વધારો થઈ શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર પાછલા ૫ વર્ષમાં સી.એન.જી., પી.એન.જી. અને રાંધણગેસનો વપરાશ સતત વધી રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ મોટાભાગના તાલુકા અને શહેરી વિસ્તારોમાં સી.એન.જી. પંપ શરૂ થઈ ગયા છે. પર્યાવરણમાં પ્રદૂષણ ઓછુ કરવા માટે સી.એન.જી. વાહનોની સંખ્યા વધે તેવા સરકારના પણ પ્રયાસો રહ્યા છે અને હવે ઈલેક્ટ્રોનિક કારનો વપરાશ વધે તેવા પણ પ્રયાસો શરૂ થયા છે. વિશ્વમાં ગેસની અછત ઉભી થઈ છે તે જોતાં એપ્રિલ મહિનામાં ગેસની અછત ભારત દેશને વધુ અસરકારક બને તેવી સંભાવના વધી ગઈ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં મોટાભાગના પરિવારો ગેસ ઉપર નિર્ભર થઈ ગયા છે. જેથી ગેસનો વપરાશ પણ સ્વાભાવિક વધ્યો છે. જ્યારે વિશ્વની વર્તમાન પરિસ્થિતિ જોતાં અને જે રીતે ગેસની અછત ઉભી થઈ છે તે ભારત દેશને ભાવ વધારાના રૂપમાં દઝાડી શકે છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૭૦ થી વધુ સી.એન.જી. પંપમાં આગામી ૨ મહિના બાદ ભાવ વધારો ઝીંકાય તેવી પૂરેપૂરી સંભાવના છે. રાંધણગેસના ભાવ બમણા અને સી.એન.જી., પી.એન.જી.ના ભાવમાં ૨૫ થી ૩૫ ટકા જેટલો વધારો થશે. જ્યારે ગેસના ભાવ વધતાં જિલ્લામાં ટાઈલ્સ ઉદ્યોગને મોટી અસર થવાની સંભાવના છે.

પૂર્વ ધારાસભ્યના પુત્રએ ચૂંટણી લડવા ઘૂઘરા બાંધતા અન્ય ઉમેદવારોની ઉંઘ હરામ

બાયડ વિધાનસભા ચુંટણીમાં ભાજપમાંથી ટીકીટ મેળવવા લાંબી બનતી કતાર

બાયડ તા.૨૪ બાયડ વિધાનસભાની સામાન્ય ચુંટણી વર્ષના અંતમાં યોજાવાની છે. ભાજપમાં ટીકીટ માટે વર્ષ-૨૦૧૭ની ચુંટણીના ઉમેદવાર રહેલા ધવલસિંહ ઝાલા અને અદેસિંહ ચૌહાણ ટીકીટ મેળવવા માટે એડીટોચનું જોર અત્યારથી લગાવી રહ્યા છે ત્યારે પૂર્વ ધારાસભ્ય ઉદેસિંહ ઝાલાના પુત્ર અને અરવલ્લી જિલ્લા પંચાયતના સદસ્ય વિષ્ણુસિંહ ઝાલાએ ચુંટણી લડવા ઘૂઘરા બાંધતા અન્ય ઉમેદવારોની ઉંઘ હરામ થઈ ગઈ છે. વિષ્ણુસિંહ ઝાલાનું નામ એકાએક સામે આવ્યું છે તેની પાછળ અનેક ગણિત મંડાઈ રહ્યા છે. વર્ષોથી બાયડ તાલુકાનો પશ્ચિમ ગાળો ભાજપનો ગઢ ગણાતો આવ્યો છે અને વિષ્ણુ ઝાલા એ કેટલાંક સરપંચોના ચુંટણી લડવા માટે લેટરપેડ લેવાની શરૂઆત કર્યાની ગરમાગરમ ચર્ચા સંભળાઈ રહી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર વર્ષ-૨૦૦૭ની વિધાનસભા ચુંટણી સમયે ભાજપે ઉદેસિંહ ઝાલાને મેદાનમાં ઉતારી સૌને ચોકાવાની સાથે કોંગ્રેસના રામસિંહ સોલંકીના સામ્રાજ્યનો અંત લાવી દીધો હતો અને ઉદેસિંહ ઝાલાનો ભવ્ય વિજય થયો પરંતુ વર્ષ-૨૦૧૨ની વિધાનસભાની સામાન્ય ચુંટણીમાં તેમનો કારમો પરાજય થયો હતો અને હવે દાયકા પછી બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં અનેક રાજકીય સમીકરણો બદલાઈ ચુક્યા છે. ધવલસિંહ ઝાલાએ જે રીતે વિધાનસભા મતક્ષેત્રમાં લોક સંપર્ક વધાર્યા છે અને ભાજપને કોઈપણ ભોગે ધવલસિંહ ઝાલાને ફરી એકવાર ટીકીટ આપવી તેવી પ્રેશર ટેકનિક ઉભી કરી છે. તે જોતાં ભાજપમાં મોટા ભાગના કાર્યકરોમાં ધવલસિંહ ઝાલાને ભાજપ મેદાનમાં ઉતારશે તેવું ગણિત માંડનારા કાર્યકરોની સંખ્યા ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. જ્યારે અદેસિંહ ચૌહાણ પણ ટીકીટ માટે પ્રબળ દાવેદાર તરીકે ઉભરી રહ્યા છે. ભાજપમાં કોને ટીકીટ મળે તે કહેવું મુશ્કેલ છે. આ સંજોગોમાં પૂર્વ ધારાસભ્યના પુત્ર વિષ્ણુ ઝાલાએ જે રીતે અત્યારથી જ તૈયારીઓ કરી છે તે જોતાં બાયડ વિધાનસભા મતક્ષેત્રમાં કંઈક નવા-જૂનીના સંકેત અત્યારથી જ આકાર લઈ રહ્યા છે. ભાજપએ ધવલસિંહ ઝાલા અને અદેસિંહ ચૌહાઅ બંનેને અજમાવી જોયા છે તે જોતાં નવા ચહેરા તરીકે વિષ્ણુસિંહ ઝાલાનું નસીબ ચમકે તો નવાઈ પામવા જેવું નહિ હોય. નવા ચહેરામાં સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢા પરમારને પણ કિસ્મતના દ્વાર ખુલી શકે છે. પરંતુ એક વાત નક્કી છે કે કોંગ્રેસના ઉમેદવાર માલપુર તાલુકાના હોવાથી ભાજપના ઉમેદવાર બાયડ તાલુકાના હશે તે નિશ્ચિત છે.

કામગીરી નિવૃત્ત થયેલા કર્મચારીના હાથમાં, અધિકારી ઉવાચ, વિગતો જોઈતી હોય તો લેખિત આપો

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સામાજીક વનીકરણના નામે વન વિભાગનું ધુપ્પલ : ૧૪ તાલુકામાં ૮ વર્ષમાં વનીકરણ ઉજ્જડ..!!

બાયડ તા.૨૪ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વર્ષ-૨૦૧૨-૧૩ના સમયગાળામાં સામાજીક વનીકરણ હેઠળ વન વિભાગે ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષોના જતન પાછળ લાખો રૂપિયાનું આંધણ કર્યું હતું. ઈ-પર્યાવરણના મોડલમાં વૃક્ષો ઉછેરવાનો મુખ્ય ઉદ્દેશ્ય હતો પરંતુ ૧૪ તાલુકામાં ૮ વર્ષમાં વનીકરણ ઉજ્જડ બની ગયું છે. વનીકરણમાં વૃક્ષોના રોપા વાવીને માવજત ભૂલાતાં લાખો રૂપિયા ફોગટ ગયાનું ચિત્ર ઉપસ્યું છે. વનીકરણ થયેલ જગ્યામાં નજર કરાય તો આજે સૂકોભટ્ટ વિસ્તાર નજરે પડી રહ્યો છે અને ખુદ વન વિભાગના અધિકારીઓ પણ વનીકરણ પાછળ થયેલ ખર્ચાનો આંકડો જાહેર કરવામાં માથું ખંજવાળે છે જેથી બંન્ને જિલ્લામાં વનીકરણના નામે ધુપ્પલ ચલાવી અધિકારીએ ખિસ્સાં ભર્યાના આક્ષેપ થઈ રહ્યા છે.

જિલ્લામાં દર વર્ષે ચોમાસા દરમ્યાન વૃક્ષો વાવો, વરસાદ લાવો..ના નારા સાથે વન વિભાગ તેમજ સામાજીક સંસ્થાઓ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજે છે. સૂકાભટ્ટ વિસ્તારોમાં હરિયાળી લાવવાના ઉદ્દેશ્ય સાથે વનીકરણ થાય છે પરંતુ માત્ર કાગળ ઉપર જ વૃક્ષ ઉછેર હોય તેવી સ્થિતિ સામે આવી છે. જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં શહિદવન સ્થળ ઉપરથી અદ્રશ્ય થઈ ગયા પછી પણ વન વિભાગના સામાજીક વનીકરણનો પણ પરપોટો ફૂટી ગયો છે. લાખો રૂપિયાના ખર્ચથી વનીકરણ યોજના અમલમાં મૂકી ફળાઉ વૃક્ષ સહિત અન્ય વૃક્ષોનો ઉછેર કરવાનો હતો પરંતુ શરૂઆતમાં જ રોપાની દરકાર લીધા પછી પાણી સિંચવાનું ભૂલાઈ ગયું જેના કારણે બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા, વડાલી, પોશીના સહિતના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વન વિભાગે રાત-દિવસની મહેનત તેમજ અઢળક સરકારી નાણાંનો ઉપયોગ કરી તૈયાર કરેલ વનીકરણ પ્લાન્ટેશન આજે નામશેષ થવાના આરે આવીને ઉભા છે. રોપા ઉછેરની જવાબદારી કોઈના શિરે ન હોય તેવી સ્થિતિના કારણે હજારો વૃક્ષો ગાયબ થઈ ગયાં છે.

નિવૃત્ત થયેલા એકાઉન્ટન્ટને કચેરીની કામગીરી..!!

સામાજીક વનીકરણ વિભાગ, સાબરકાંઠાની કચેરીમાં છેલ્લા ૧ વર્ષથી નિવૃત્ત થયેલા એકાઉન્ટન્ટ કામગીરી કરી રહ્યાની વિગતો બહાર આવી છે. જ્યારે કર્મચારી નિવૃત્ત થયા પછી કામગીરી ઉપર આવતા હોય તો પછી કોને બોલાવ્યા અને કંઈક ખોટું થયું તો જવાબદારી કોની..??

રણાસણ પાસે કારે હડફેટમાં લેતાં બે રાહદારીઓના પગ ભાગ્યા

રણાસણ-હરસોલ તરફ જતા રોડ ઉપર હાદસો

બાયડ, તા. ૨૪

તલોદ તાલુકાના રણાસણ પાસે પૂરપાટ ઝડપે પસાર થતી કારના ચાલકે પગપાળા જતા બે રાહદારીઓને ટક્કર મારી ફંગોળી નાખતા બન્નેને પગના ભાગે ફ્રેક્ચર થતાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

રણાસણ-હરસોલ રોડ ઉપર પૂરપાટ ઝડપે દોડતાં વાહનોથી રાહદારીઓના માથે જોખમ ઉભું થયું છે. સામસામે વાહનો ટકરાવવાની સાથે હવે બેફામ વાહનચાલકો રાહદારીઓને હડફેટમાં લઈ જીવલેણ ઈજા પહોંચાડતા હોય છે. ગતરોજ રણાસણની મહાલક્ષ્મી સો મીલમાં કામ કરતા શશીકાંત સચિન મીણા (રહે. પીપલી, રાજસ્થાન) અને પ્રકાશ મીણા રણાસણથી હરસોલ જતા રોડ ઉપર પસાર થઈ રહ્યા હતા જે દરમ્યાન મારૂતિકાર (નં. જીજે.-૧૨-જે-૫૬૧૪)ના ચાલકે બન્નેને ટક્કર મારી ફંગોળી નાખતા પગના ભાગે ગંભીર ઈજા થઈ હતી. વાહનોની અવરજવરથી વ્યસ્ત રહેતા માર્ગ ઉપર એક સાથે બે રાહદારીઓને કારચાલકે હડફેટમાં લેતાં લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં. બનાવ અંગે તલોદ પોલીસે આરોપી કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.